


# યુદ્ધને કચકડે કંડારતાં વૉર ફોટોગ્રાફર્સ

**બૉર્ડર**
**કેપ્ટન શૂરવીર સિંહ**

ભારત માટે કારગિલ વૉર લોહિયાળ તો છે જ, આ યુદ્ધમાં થયેલી આપણી ખુવારીના સત્તાવાર આંકડા આ બાબતની ગવાહી પૂરે છે. સત્તાવાર આંકડાને સાચા માનીએ તો આ યુદ્ધમાં આપણા 500થી વધુ જવાનો અને અધિકારીઓ શહીદ થયા હતા. આમ આપણે કારગિલ વિજયનું બહુ મોટું મૂલ્ય ચૂકવ્યું હતું. આ સાથે આ જ કારગિલ યુદ્ધ આપણા માટે લશ્કરી દૃષ્ટિએ તો યાદગાર છે જ પણ એ સિવાય કારગિલ વૉર એ રીતે પણ યાદગાર છે કે તે સમયે તેનું લાઈવ કવરેજ ટીવીમાં ન્યૂઝ ચેનલ્સ પર દર્શાવાયું હતું. આ એક પ્રકારનું કાયમી દસ્તાવેજીકરણ પણ હતું. તે સમયે ઈન્ટરનેટ હજી પ્રાથમિક તબક્કામાં હતું અને આજના વિવિધ સોશિયલ મીડિયાનું તો તે સમયે કોઈ નામોનિશાન પણ નહોતું. મીડિયા તરીકે અખબાર અને ટીવીનો એ જમાનો હતો. એમાંય અખબાર કરતાં ટીવીના પ્રભાવ અને પહોંચ બંને વધુ હતાં. આવા સમયે કારગિલ વૉરનું ટીવી પરની ન્યૂઝ ચેનલ્સમાં થતું લાઈવ કવરેજ એ ખરેખર ઐતિહાસિક ઘટના હતી.

અહીં આ સંદર્ભે એક માઈલસ્ટોન તરીકે કારગિલ વૉરનો ઉલ્લેખ કરીએ ત્યારે એક પ્રશ્ન ચોક્કસ થાય કે તો શું બહુ નજીકના સમયગાળામાં વિશ્વના ઈતિહાસમાં થયેલાં યુદ્ધો અને અન્ય લશ્કરી કાર્યવાહીઓ ઓછાં મહત્ત્વનાં હતાં? બીજા શબ્દોમાં આ બધાંનું દસ્તાવેજીકરણ થયું જ નહોતું કે જુદી રીતે થયું હતું? જવાબ સ્પષ્ટ છે, આ બધાંનું દસ્તાવેજીકરણ લાઈવ કવરેજરૂપે નહીં બલકે ફોટોગ્રાફ્સ્ સ્વરૂપે થયું હતું. એ સમયે મિલિટરી અને વૉર ફોટોગ્રાફરોનો આગવો દબદબો હતો અને સામે પક્ષે યુદ્ધ મેદાનમાં જઈને ચાલુ યુદ્ધની ફોટોગ્રાફી કરવાનું કામ અઘરું તો હતું જ, જોખમી પણ હતું. લશ્કરી ફોટોગ્રાફરે અને વૉર ફોટોગ્રાફરે બંનેએ તેમના ખપપૂરતી લશ્કરી તાલીમ પણ લેવી પડતી હતી અને તેમણે પણ સૈનિકોની જેમ જ 'યુદ્ધ પોશાક' ધારણ કરીને જ યુદ્ધ મોરચે જવું પડતું હતું. જોકે એવું પણ નથી કે આજે વૉર ફોટોગ્રાફી સાવ ઘટી ગઈ છે. આજે પણ વિશ્વમાં ઘણા જાણીતા વૉર ફોટોગ્રાફર્સ છે અને તેમણે છેલ્લા ઘણા મોટા સમયગાશાના યુદ્ધોના યાદગાર ફોટોઝ લીધા છે.

અહીં ભૂતકાળના અને વર્તમાનના આવા જ કેટલાંક વૉર ફોટોગ્રાફર્સની વાત કરી છે. સરળતા ખાતર ભૂતકાળના વૉર ફોટોગ્રાફર્સ અને તેમના યાદગાર ફોટોઝનો ટૂંકો ઉલ્લેખ કરીને તેમની વાત પૂરી કરીએ. આ રીતે વિશ્વના ભૂતકાળના વૉર ફોટોગ્રાફર્સની યાદી કરીએ તો એમાં 1835ની ક્રિમિયન વૉર ફોટોરૂપે કવર કરનાર રોજર ફેન્ટન(1819-1869), અમેરિકન સિવિલ વૉર ફોટોરૂપે કવર કરનાર મેથ્યુ બ્રેડી(1822-1896), બેટલ ઓફ એન્ટીટેમ ફોટોરૂપે કવર કરનાર એલેક્ઝાન્ડર ગાર્ડનર(1821-1882), બ્રિટિશ લશ્કરના ઓફિશિયલ ફોટોગ્રાફર તરીકે પહેલું વિશ્વયુદ્ધ ફોટોરૂપે કવર કરનાર અર્નેસ્ટ બ્રૂક્સ(1876-1957), બીજું વિશ્વયુદ્ધ ફોટોરૂપે કવર કરનાર મહિલા ફોટોગ્રાફર માર્ગારેટ બોર્ક-વ્હાઈટ(1904-1971) અને બીજા ઘણા ભૂતકાલીન વૉર અને મિલિટરી ફોટોગ્રાફર્સ તેમના યાદગાર ફોટોઝ સહિત ઉમેરી શકાય.

**2014થી આ કામ કરતાં ડેનિસ સિન્યોકોવના યાદગાર ફોટાનું લિસ્ટ બહુ લાંબું છે પણ રશિયાએ ક્રિમિયાને પોતાનામાં સમાવી લીધું તે ઘટના તેમજ અફઘાનિસ્તાનમાં અમેરિકન લશ્કરનો લાંબો પડાવ અને તેની કાર્યવાહીનો ઘટનાક્રમ ડેનિસે ફોટોરૂપે કવર કર્યો છે**

હવે વર્તમાન સમયના કેટલાંક જાણીતા મિલિટરી અને વૉર ફોટોગ્રાફર્સની યાદી વિગતે જોઈએ. આ યાદીમાં 20મી સદીના ઉત્તરાર્ધથી અત્યાર સુધીમાં આખી દુનિયામાં થયેલાં યુદ્ધો, લશ્કરી કાર્યવાહીઓ અને સશસ્ત્ર સંઘર્ષો ફોટોરૂપે કવર કરનાર વૉર ફોટોગ્રાફર્સને લઈ શકાય. આ રીતે આ યાદી બનાવતાં તેમાં પહેલું નામ અમેરિકન ફોટોગ્રાફર સુઝાન મિએલાસનું આવે, જેમણે યુદ્ધ અને સશસ્ત્ર સંઘર્ષ દરમ્યાન માનવતાવાદી અભિગમ અને માનવ અધિકારોની જાળવણીના એંગલથી વૉર ફોટોગ્રાફી કરી છે. તેમના યાદગાર ફોટો તરીકે 1979માં નિકારાગુઆમાં સુસાને લીધેલો 'મોલોટોવ મેન'નો ફોટો ગણાવી શકાય. આ યાદીમાં બીજું નામ આવે રશિયા અને યુક્રેનમાં ફ્રીલાન્સ ફોટોગ્રાફ તરીકે કામ કરતા ડેનિસ સિન્યોકોવનું. 2014થી આ કામ કરતાં ડેનિસ સિન્યોકોવના યાદગાર ફોટાનું લિસ્ટ બહુ લાંબું છે પણ રશિયાએ ક્રિમિયાને પોતાનામાં સમાવી લીધું તે ઘટના તેમજ અફઘાનિસ્તાનમાં અમેરિકન લશ્કરનો લાંબો પડાવ અને તેની કાર્યવાહીનો ઘટનાક્રમ ડેનિસે ફોટોરૂપે કવર કર્યો છે. ઉલ્લેખનીય છે કે તેમની આ પ્રકારની કેટલીક ફોટોગ્રાફીને કારણે તેમમે જેલવાસ પણ ભોગવવો પડ્યો છે. ન્યુયોર્ક ટાઈમ્સના ફોટો જર્નાલિસ્ટ લિન્સે એડારિયોનો પણ અહીં સમાવેશ કરવો પડે. લિન્સે ન્યૂયોર્ક ટાઈમ્સના પ્રતિનિધિ તરીકે અત્યાર સુધીમાં ભારત, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં કામ કરી ચૂક્યા છે. સંઘર્ષો દરમ્યાન માનવ અધિકાર અને પરંપરાગત સમાજમાં મહિલાઓની સ્થિતિ પોતાના ફોટોઝમાં હાઈલાઈટ કરનાર લિન્સે લિબિયામાં બે સપ્તાહ રહ્યા ત્યારે ગદ્દાફીના માણસો તેમના સહિત બીજા ત્રણ પત્રકારોને કેદ કર્યા હતા અને તેમને ટોર્ચર કરવામાં આવ્યા હતા. 2011ની ઈજિપ્તની ક્રાંતિ ફોટોરૂપે કવર કરનાર એવોર્ડ વિનિંગ ઈજિપ્શિયન ફોટો જર્નાલિસ્ટ ઈમાન હેલાલનો પણ અહીં ઉલ્લેખ કરવો પડે. આ ઉપરાંત ઈમાન આફ્રિકા, મધ્યપૂર્વના દેશો અને અમેરિકામાં પણ કામ કરી ચૂક્યા છે. આ સાથે અન્ય એક નામ છે મેગ્નમ ફોટોના ફુલ મેમ્બર, ઈરાક અને અફઘાનિસ્તાનમાં અસરકારક કામ કરનાર અને પોતાના સમયના(વર્તમાન સમયના) શ્રેષ્ઠ વૉર ફોટોગ્રાફર્સમાંના એક ગણાતા મોઈઝેઝ સમનનું. આ ઉપરાંત વર્તમાન સમયના વૈશ્વિક સ્તરે જાણીતા વૉર ફોટોગ્રાફર્સની આ યાદીમાં કેરોલ ગુઝી, શાહીદ-ઉલ-આલમ, કેરોલિન કોલ, જોઆવો સિલ્વા અને જેમ્સ નેચવેનો સમાવેશ થાય છે.





### બોક્સઃ અંગદસિંહ અને સંજય સિંહાઃ ભારતના બે જાણીતા મિલિટરી ફોટોગ્રાફર્સ

દુનિયાભરના મિલિટરી અને વૉર ફોટોગ્રાફર્સની વાત કરતાં ભારતના મિલિટરી ફોટોગ્રાફર્સની વાત રહી જાય એ તો કેમ ચાલે? વર્ષો સુધી ભારતીય લશ્કરની ત્રણેય પાંખ સાથે બહુ નજીકથી કામ કરી ચૂકેલા અંગદસિંહ મૂળભૂત રીતે એરોસ્પેસ એનાલિસ્ટ, લેખક અને ફોટોગ્રાફર છે અને હાલમાં zee5aviation નામનું ઓનલાઇન સોર્સ પોર્ટલ ચલાવે છે. એ જ રીતે સંજય સિંહા મૂળભૂત રીતે બિઝનેસમેન હોવા છતાં મિલિટરી અને ફોટોગ્રાફી તેમના રસના વિષયો હોવાથી આ બંનેને પણ તેમમે પોતાના ફુલ ફ્લેજ્ડ પેશન તરીકે વિકસાવ્યા છે. ઉલ્લેખનીય છે કે 1997થી ભારતીય લશ્કરની ઓનલાઇન રેફરન્સ અને રેકોર્ડ વેબસાઇટ તરીકે ચાલતી Bharat Rakshak પર જોવા મળતાં પ્લેન અને હેલિકોપ્ટર્સના ફોટા આ બંને ભારતીય ફોટોગ્રાફર્સનીન દેન છે.

# શાહિદ-કૃતિની 'કૉકટેલ 2'નો પહેલો ભાગ વધુ મજેદાર છે!

**ફિલ્મોગ્રાફ**
**રાકેશ ઠક્કર**

જ્યારે કોઈ ક્લાસિક ફિલ્મના નામે સિક્વલ કે સ્પિરિચ્યુઅલ સિક્વલ આવે છે ત્યારે દર્શકો થિયેટરના હોલમાં માત્ર એક નવી વાર્તા જોવા નથી જતા પરંતુ પોતાની જૂની યાદો અને અપેક્ષાઓનું સાથે જાય છે. નિર્માતા માટે આ એક સલામત રમત હોઈ શકે છે. કારણ કે ટાઈટલના કારણે ફિલ્મને શરૂઆતી હાઈપ અને બોક્સ ઓફિસ પર ધમાકેદાર ઓપનિંગ તો મળી જાય છે. પરંતુ અસલી કસોટી ત્યારે થાય છે જ્યારે થિયેટરના અંધારામાં સ્ક્રીન પર નવો દસકો અને જૂની યાદો સામસામે આવીને ઊભા રહે છે. આવું જ કંઈક અત્યારે ફિલ્મ 'કૉકટેલ 2' સાથે પણ જોવા મળી રહ્યું છે. બોક્સ ઓફિસ પર તો આંકડાનો મોટો ધડાકો થયો છે પણ દર્શકોના દિલમાં સરખામણીનો સિલસિલો એટલી જ ઝડપથી શરૂ થઈ ગયો છે. ૨૦૧૨માં આવેલી સૈફ અલી ખાન, દીપિકા પાદુકોણ અને ડાયના પેન્ટીની યાદગાર ફિલ્મ 'કૉકટેલ'ની સિક્વલ એવી 'કૉકટેલ 2' રજૂ થતાની સાથે જ બોક્સ ઓફિસ પર સુનામી લઈને આવી છે. શાહિદ કપૂર, કૃતિ સેનન અને રશ્મિકા મંદાનાની આ વાર્તા લગભગ એ જ પ્લોટ અને માળખાને ફોલો કરે છે. જ્યાં દીપિકાવાળો બોલ્ડ અને બિન્દાસ રોલ અહીં કૃતિએ ભજવ્યો છે, જ્યારે ડાયનાનું માસૂમ અને દેશી પાત્ર રશ્મિકાના ભાગે આવ્યું છે. સૈફની જેમ જ બિચારો શાહિદ કપૂર બે હસીનાઓની વચ્ચે અટવાઈ પડે છે. ફિલ્મનો પહેલો ભાગ એટલો મનોરંજક અને રંગીન છે કે સ્ક્રીન પરથી નજર હટાવવાનું મન નહીં થાય. ઈટાલીની સુંદર વાદીઓ અને ખાસ કરીને સિસિલીના અદભુત લોકેશન્સ, લાજવાબ કેમેરા વર્ક અને વિઝ્યુઅલ્સ જોઈને કોઈપણ સામાન્ય માણસને પોતાનો પાસપોર્ટ કઢાવીને ઈટાલીની ટિકિટ બુક કરાવી લેવાનું મન થઈ જશે! અરિજિત સિંહના અવાજમાં ગીતો થિયેટરમાં ગજબનો માહોલ બનાવે છે. બેકગ્રાઉન્ડમાં વાગતી મ્યુઝિક બીટ્સ એટલી ફાસ્ટ સ્પીડ આપે છે કે સવા બે કલાકની આ ફિલ્મ ક્યાંય પણ ધીમી નથી પડતી. પરંતુ બીજો ભાગ શરૂ થતાંની સાથે જ ફિલ્મનો આખો મિજાજ બદલાઈ જાય છે. જે ફિલ્મ ફન, ટ્રાવેલ અને એડવેન્ચરના મૂડમાં હવામાં ઊડતી હતી તે ગંભીર ચર્ચાઓ, ઈમોશન્સ અને સંબંધોના જટિલ તાણાવાણામાં ગરકાવ થઈ જાય છે. પહેલા ભાગમાં જે આખું ફોકસ કૃતિ પર હતું તે બીજા ભાગમાં રશ્મિકા તરફ વળે છે પણ રશ્મિકાના પાત્રનું નબળું લેખન, તેના દક્ષિણ ભારતીય હિન્દી ઉચ્ચાર સાથે બીજા ભાગની ધીમી ગતિની ટીકા થઈ રહી છે. રશ્મિકાના ફેન્સ કદાચ આ ફિલ્મ જોઈને થોડા નારાજ થઈ શકે છે. કારણ કે વાર્તામાં તેનું પાત્ર ક્યાંક-ક્યાંક બહુ સ્ટુપિડ અને થોડું નકારાત્મક હોય તેવું લાગે છે. નિર્દેશક હોમી અડાજનિયાએ વાર્તાને એવી રીતે રજૂ કરી છે કે કોના માટે સહાનુભૂતિ રાખવી અને કોને વિલન ગણવો એની મૂંઝવણ ઊભી થાય છે. ફિલ્મમાં આજના જમાનાના અટપટા વિષયો જેવા કે ચીટિંગ, લવ અફેર અને શારીરિક સંબંધને બહુ જ પરિપક્વ અને સરસ રીતે સંભાળવામાં આવ્યા છે. ફિલ્મ ક્યાંક હસાવે છે, પણ કોમેડીનો ડોઝ થોડો વધારે હોવો જોઈતો હતો. એમાં ડબલ મિનિંગ સંવાદો અને બોલ્ડ વિષયો છે, જે કદાચ પરિવાર સાથે જોવામાં થોડી અજીબ સ્થિતિ પેદા કરી શકે છે.



**'કૉકટેલ 2' માત્ર શરીરથી જ નહીં મગજથી પણ 18+ હોય તેવા યુવાનો માટે બનેલું એક રંગીન અને સુંદર સિનેમા છે**

ફિલ્મે ટ્રેડ પંડિતોની તમામ ગણતરીઓ ખોટી સાબિત કરીને પહેલા જ દિવસે રૂ.14.10 કરોડની કમાણી સાથે જોરદાર શરૂઆત કરી છે. વીક એન્ડમાં રૂ.50 કરોડ મેળવ્યા છે. ફિલ્મે એક-બે નહીં પરંતુ પૂરા પાંચ મોટા રેકોર્ડ પોતાના નામે કરી દીધા છે. આ ફિલ્મે 'કૉકટેલ'ના પહેલા દિવસના રૂ.10.75 કરોડના રેકોર્ડને સહેલાઈથી પછાડી દીધો છે. આ વર્ષની બોલિવૂડની સૌથી મોટી રોમેન્ટિક ઓપનર બની ગઈ છે. આ શાનદાર કમાણીથી શાહિદની કારકિર્દીની ત્રીજી સૌથી મોટી ઓપનિંગ સાબિત થઈ છે. જેમાં તેણે પોતાની 2015 ની 'શાનદાર'ના રૂ.13.10 કરોડના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. કૃતિની કારકિર્દીની ટોપ-5 ઓપનર ફિલ્મોમાં પણ સામેલ થઈ ગઈ છે. એટલું જ નહીં ભારતીય સિનેમાના ઈતિહાસમાં સૌથી મોટી એડલ્ટ ઓપનર ફિલ્મોની યાદીમાં 10મું સ્થાન મેળવ્યું છે. બોક્સ ઓફિસ સાથે અસલી સવાલ એ છે કે શું આ ફિલ્મ માત્ર કમાણીના આંકડામાં જ જોરદાર છે કે પછી થિયેટરમાં દર્શકોના દિલ જીતવામાં પણ એટલી જ દમદાર છે? તો એનો જવાબ મેળવવા માટે રંગીન કૉકટેલનો અસલી સ્વાદ માણવો પડશે. ફિલ્મની વાર્તા આજના ફાસ્ટ-ફોરવર્ડ જમાનાના પ્રેમ, લિવ-ઈન રિલેશનશિપ, શંકા અને ૨૦થી ૩૦ વર્ષના યુવાનોની બદલાતી લાઈફસ્ટાઈલની આસપાસ વણાયેલી છે. જૂની 'કૉકટેલ' જોઈ હશે તો તરત જ સમજાઈ જશે કે

### ઓટોગ્રાફ!

'બટવારા 1947'નું ટ્રેલર જોયા પછી લાગે છે કે સની દેઓલે પાકિસ્તાન બોર્ડર પર એટલા ચક્કર માર્યા છે કે હવે તો પાકિસ્તાન સરકાર ત્યાંના આધારકાર્ડ કે વિઝા વગર એને કાયમી એન્ટ્રી આપી દે તોય નવાઈ નહીં!

# હિંસા પાછળનો હેતુ તેને સારી કે નરસી ઠરવે છે!

**જીવન સરિતાને તીરે**
**દિનેશ પાંચાલ**

ધર્મ કોઈ વાર સત્ય કરતાં અસત્યમાં વધુ છૂપાયેલો હોય છે. ખુદ કૃષ્ણએ ન્યાય-નિતિ અને ધર્મની રક્ષા કાજે તરેહ તરેહની રણનીતિ અજમાવીને કૌરવોનો નાશ કર્યો હતો. ગાંધીજી અહિંસાના પૂજારી હતા પણ એમના આશ્રમમાં અસાધ્ય રોગથી પીડાતા એક વાછરડાને ઈંજેક્શન મૂકાવીને એમણે દયામૃત્યુ અપાવ્યું હતું. દરેક હિંસા અચૂકપણે ખરાબ હોતી નથી. તેની પાછળનો હેતુ તેને સારી કે નરસી સાબિત કરે છે.

દોસ્તો, કયા સમયે માણસ કયા કારણસર કેવું પગલું ભરે છે તે વાત મહત્વની ગણાય. એક હિન્દુ પાયલોટ ચાલુ વિમાને રામનામની માળા જપવા બેસે તો મુસાફરોની શી હાલત થાય? કોઈ જૈનબંધુ બસ ડ્રાઈવર હોય અને માર્ગમાં જ્યાં દેરાસર નજરે પડે ત્યાં બસ થોભાવી દે તે પરવડે ખરૂં? વિકસિત દેશોની પ્રજા ધર્મ કે પ્રભુપૂજામાં આટલો સમય બગાડતી નથી. (આપણે ત્યાં ચાલુ ઓફિસે સત્યનારાયણની કથા સાંભળવા જતા ધાર્મિક નબીરાઓ અમે જોયા છે) આપણે જેમ વીજ વપરાશમાં કાપ મૂકીને વીજળી બચાવવાની કોશિશ કરે છીએ તે રીતે ધારીએ તો પૂજા પાઠમાંથી થોડો સમય બચાવીને આપણી ફરજના સમયમાં તે સમય વાપરી શકીએ. એક શિક્ષક તેનું કોઈ એક્સટ્રા કામ કરતો હોય તો તેમાં અડધો કલાક કાપ મૂકીને બાળકોને તેટલું વધુ ભણાવી શકે. પશ્ચિમના દેશોમાં લોકો "વર્ક ઈઝ વર્શિપ"માં માને છે. તેઓ પૂજા પાઠ અને ભક્તિમાં રમમાણ નથી રહેતા પરંતુ તેથી તેમના કોઈ કામ અટકતાં નથી, આપણી હિન્દુ સંસ્કૃતિને ધરમ-કરમનું ઘેલું લાગ્યું છે. પરંતુ તેમ થવાને કારણે આપણાં પર દેવી દેવતાની કોઈ વિશેષ કૃપા થતી નથી. બલકે ધ્યાનથી જોશો તો પશ્ચિમના દેશોએ ધરખમ પ્રગતિ કરી છે અને આપણે ત્યાં ગરીબો કે ભીખારીઓની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે. આ સરખામણી સૌની આંખ ઉઘાડી દે એવી છે. પરંતુ આપણે આંખો બંધ કરીને માળા કરીએ છીએ એથી અબૌદ્ધિક્તાના જાળા દેખાતાં નથી.

પુસ્તક મેળામાં અમસ્થી જ લટાર મારવા નીકળેલા યુવાનો અમને ગમે છે. મેળામાંથી બહાર નીકળતી વેળા તેમના હાથમાં થોડા પુસ્તકો જોઉં ત્યારે દુષ્કાળમાં ખેડૂતો વાદળો જોઈ રાજી થાય તેવી ખુશી અમને થાય છે. ટીવી, વિડિયો અને ઈન્ટરનેટના યુગમાં યુવાનોની વાચન પ્રત્યેની અરૂચિ જાણીતી છે. એવા પ્રતિકૂળ વાતાવરણમાં પુસ્તકો જોડે સંબંધ ટકાવી રાખ્યો હોય એવા યુવાનો પ્રત્યે અમને માન છે.

વાંચતા, વિચારતા કે મનન કરતા યુવાનોની અતાર્કિક વિચારધારાનું પણ અમે સ્વાગત કરીએ છીએ. જેઓ વાંચે છે તેમના દિમાગમાં નિરંતર નવા વિચારોના વહેણ વહેતા રહે છે. જેઓ નથી વાંચતા તેમનું મન અવાવરુ તળાવ જેવું બની જાય છે. હાથમાં સ્લેટ પકડવાની ના પાડતા બાળક કરતાં ખોટેખોટો એકડો ચિતરતાં બાળક માટે અમે વિશેષ આશાવાદી છીએ.

(તેમના વિષે ફરી કોઈ વાર)



**ગાંધીજી અહિંસાના પૂજારી હતા પણ એમના આશ્રમમાં અસાધ્ય રોગથી પીડાતા એક વાછરડાને ઈંજેક્શન મૂકાવીને એમણે દયામૃત્યુ અપાવ્યું હતું. દરેક હિંસા અચૂકપણે ખરાબ હોતી નથી. તેની પાછળનો હેતુ તેને સારી કે નરસી સાબિત કરે છે**

### ધૂપછાંવ

**એક વાત નોંધી લો. ઘણીવાર દાદાગીરી કરતાં નમ્રતા દાખવવામાં વધારે મર્દાનગીની જરૂર પડે છે. પતિએ કરેલી ભૂલ બદલ તેણે પત્નીની માફી માંગવાની આવે ત્યારે પુરુષની મર્દાનગીનું માપ નીકળે છે. હું એક વ્યક્તિને ઓળખું છું. તે ઈન્કમટેક્ષ ઓફિસમાં નોકરી કરે છે. સ્વભાવે તે અતિ ક્રોધી છે. અમારે એકવાર કોઈ કામસર તેમને ત્યાં જવાનું થયેલું. હું અને બચુભાઈ તેમના ઘરમાં હજી તો પ્રવેશ્યા જ ત્યાં રસોડામાંથી તેમણે ફેંકેલી ભોજનની થાળી છેક અમારા પગ સુધી આવી પડી. અમે ડઘાઈ ગયા. વાત કર્યા વિના અમે પાછા વળી ગયા. જતાં જતાં તેની પત્નીની આંખો પર અમારી નજર પડી. એ આંખોમાં પ્રશ્ન હતોઃ "શું મેં આવા મરચાંછાપ પતિ માટે અલૂણા કર્યા હતા? હજી વાત અટકતી નથી. બલકે રમૂજ ઉપજે એવી વાત કાનમાં કહું તે સાંભળોઃ એકવાર દિવાળી ટાણે સોસાયટીમાં શ્રેષ્ઠ પતિની સ્પર્ધા યોજાઈ હતી. તેમાં એ પતિ મહાશયને શ્રેષ્ઠ પતિનો એવોર્ડ મળ્યો હતો. બોલો.., કાંઈ કહેવું છે?**

**જેમ્સ બેરીની વાત પણ સમજી લેવા જેવી છે. તેમણે કહ્યું છેઃ "પત્નીને પાગલ કરી મૂકવા શું જોઈએ - એક મીઠી નજર, બે પ્રેમ ભર્યા શબ્દો.. અને થોડોક સારો વર્તાવ! ઘણાં પતિઓમાં આ ત્રણે સદ્ગુણો અભાવ હોય છે તેથી પત્ની પાગલ થઈ જાય છે!"**